**Inoperative accounts and unclaimed deposits**

ભાગ **A** – વ્યાખ્યાઓ / મુખ્ય શબ્દોના અર્થ

**1.1** નીચેના શબ્દોના અર્થ:

**1.2** બેંક દ્વારા પ્રેરિત વ્યવહાર **(Bank Induced Transaction):**
બેંકની હાલની નીતિ મુજબ બેંક દ્વારા ખાતામાં કરવામાં આવતો વ્યવહાર. ઉદાહરણરૂપે – તમામ પ્રકારના ચાર્જ, ફી, વ્યાજ ચુકવણી, દંડ, કર વગેરે જે બેંક દ્વારા વસૂલવામાં આવે છે, જેમાં કાપવામાં આવેલ કર **(TDS)** તથા બચત ખાતાનું વ્યાજ સામેલ છે.

**1.3** ગ્રાહક દ્વારા પ્રેરિત વ્યવહાર **(Customer Induced Transaction):**
ખાતાધારક દ્વારા અથવા તેની વિનંતી પર કરવામાં આવતા નીચેના પ્રકારના વ્યવહારો:

**1.3.1** નાણાકીય વ્યવહાર **(Financial Transaction):**

ગ્રાહકના બચત/ચાલુ ખાતામાં થતો નાણાકીય (જમા અથવા ઉપાડ) વ્યવહાર, જે ખાતાધારક દ્વારા અથવા તૃતીય પક્ષ દ્વારા કરવામાં આવે છે, જેમ કે:

**a) ATM** મારફતે રોકડ ઉપાડ / જમા
**b) RTGS / NEFT / IMPS / UPI / AePS / ABPS** વ્યવહારો
**c)** ઇન્ટરનેટ બેંકિંગ વ્યવહારો
**d)** ડેબિટ કાર્ડ વ્યવહારો
**e)** જોડાયેલા **CBDC (e-**રૂપી**)** ખાતામાંથી / ખાતામાં ફંડ ટ્રાન્સફર
**f)** ચેક ક્લિયરિંગ
**g)** ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા રકમ મોકલવી
**h)** ચેક દ્વારા તૃતીય પક્ષ દ્વારા રોકડ ઉપાડ
**i)** ગ્રાહક દ્વારા આપવામાં આવેલી સ્ટેન્ડિંગ ઇન્સ્ટ્રક્શન
**j) NACH** ડેબિટ / ક્રેડિટ
**k)** ટર્મ ડિપોઝિટનું વ્યાજ / પરિપક્વ રકમ
**l)** શેર પર ડિવિડેન્ડ / ડેબેન્ચર પર વ્યાજ અથવા અન્ય રોકાણની આવક
**m)** ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર **(DBT)** ક્રેડિટ
**n)** ઇ-કોમર્સ ચુકવણી, આવકવેરા રિફંડ વગેરે જેવી રિફંડ રકમ
**o)** નેશનલ ઇલેક્ટ્રોનિક ટોલ કલેક્શન **(NETC)** ડેબિટ

અથવા

**Non-Financial Transaction):**

ATM, ઇન્ટરનેટ બેંકિંગ, મોબાઇલ બેંકિંગ એપ્લિકેશન અથવા તૃતીય પક્ષ એપ્લિકેશન પ્રદાતાઓ મારફતે ખાતાધારક દ્વારા કરવામાં આવેલી એવી પૂછપરછ અથવા વિનંતી, જેમાં દ્વિ-કારક પ્રમાણીકરણ (2FA) જરૂરી હોય અને ઓડિટ માટે રેકોર્ડ ઉપલબ્ધ રહે, અથવા ઇન્ટરનેટ/મોબાઇલ બેંકિંગમાં સફળ લૉગ-ઇન. ઉદાહરણરૂપે – ટ્રાન્ઝેક્શન લિમિટમાં ફેરફાર, ચેકબુક / ક્રેડિટ કાર્ડ / ડેબિટ કાર્ડ માટે વિનંતી, નોમિનેશન સુવિધા, બેલેન્સ તપાસ વગેરે.
આમાં રૂબરૂ (Face-to-face) અથવા ડિજિટલ માધ્યમ દ્વારા કરવામાં આવેલ KYC અપડેશન પણ સામેલ છે.

**1.4** ઇનઓપરેટિવ ખાતું **(Inoperative Account):**
જો બચત/ચાલુ ખાતામાં સતત બે વર્ષથી વધુ સમય સુધી કોઈપણ “ગ્રાહક દ્વારા પ્રેરિત વ્યવહાર” ન થયો હોય, તો તે ખાતું ઇનઓપરેટિવ ગણાશે.

**1.5** દાવો ન કરેલી જમા રકમ **(Unclaimed Deposits):**
બેંકમાં જાળવવામાં આવેલ કોઈપણ જમા ખાતામાં રહેલ ક્રેડિટ બેલેન્સ, જે દસ વર્ષ કે તેથી વધુ સમય સુધી ચલાવવામાં ન આવ્યું હોય, અથવા “ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ (DEA) ફંડ સ્કીમ, 2014” ના પેરા 3(iii) મુજબ દસ વર્ષથી વધુ સમય સુધી દાવો ન કરાયેલ રકમ.

**1.6** દાવો ન કરેલી જમા **(Unclaimed Deposits)** સંદર્ભ નંબર **(UDRN):**
CBS (કોર બેંકિંગ સોલ્યુશન) દ્વારા જનરેટ કરાયેલ અનન્ય નંબર, જે RBI ના DEA ફંડમાં ટ્રાન્સફર કરાયેલા દરેક દાવો ન કરેલા ખાતા/જમા માટે ફાળવવામાં આવે છે. આ નંબર એવો હશે કે કોઈ તૃતીય પક્ષ ખાતાધારક અથવા શાખાની ઓળખ કરી ન શકે.

ભાગ B – ખાતાઓની સમીક્ષા

**2.0** સમીક્ષા

**2.1** બેંકો દ્વારા વાર્ષિક સમીક્ષા કરવી જરૂરી છે, ખાસ કરીને:

**2.1.1** જ્યાં એક વર્ષથી વધુ સમયથી કોઈ ગ્રાહક દ્વારા પ્રેરિત વ્યવહાર ન થયો હોય.

**2.1.2** જ્યાં ફિક્સ્ડ ડિપોઝિટ પરિપક્વ થયા પછી તેની રકમ ઉપાડી નથી કે બચત/ચાલુ ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી નથી અને ઓટો-રિન્યૂઅલ વિકલ્પ આપવામાં આવ્યો ન હોય.

**2.1.3** બેંકો ખાતાધારકને પત્ર, ઇમેઇલ અથવા નોંધાયેલ મોબાઇલ નંબર પર SMS દ્વારા જાણ કરશે કે:
**a)** છેલ્લા એક વર્ષથી ખાતું/જમા ચલાવવામાં આવી નથી.
**b)** આગામી એક વર્ષમાં ખાતું ન ચલાવાય તો ખાતું “અપ્રચલિત” બની જશે.
**c)** ખાતું ફરી સક્રિય કરવા માટે તાજા KYC દસ્તાવેજો જમા કરાવવાના રહેશે.

**2.1.4** જો પત્ર પરત આવે અથવા ઇમેઇલ દ્વારા જવાબ ન મળે, તો ખાતાધારક અથવા (મૃત્યુ પામ્યા હોય તો) તેના નોમિની/કાનૂની વારસદારોની માહિતી મેળવવા તપાસ કરવી.

**2.1.5** જો ખાતાધારક તરફથી જવાબ મળે અને ખાતું ન ચલાવવાના કારણો જણાવે, તો ખાતું વધુ એક વર્ષ માટે સક્રિય ગણાશે અને તેને આ સમયગાળા દરમિયાન ખાતું ચલાવવાની સલાહ આપવામાં આવશે. જો આ વિસ્તૃત સમયગાળા પછી પણ ખાતું ન ચલાવાય, તો ખાતું ઇનઓપરેટિવ ગણાશે.

**2.1.6** ખાતું ઇનઓપરેટિવ ગણવામાં માત્ર ગ્રાહક દ્વારા પ્રેરિત વ્યવહારો જ ધ્યાનમાં લેવામાં આવશે, બેંક દ્વારા પ્રેરિત વ્યવહારો નહીં. સ્ટેન્ડિંગ ઇન્સ્ટ્રક્શન/ઓટો-રિન્યૂઅલ પણ ગ્રાહક દ્વારા પ્રેરિત વ્યવહાર ગણાશે.

**2.1.7** જો ગ્રાહક પાસે એકથી વધુ ખાતાં/જમા હોય, તો માત્ર તે ખાતાં/જમા જ ઇનઓપરેટિવ ગણાશે જેમાં કોઈ ગ્રાહક દ્વારા પ્રેરિત વ્યવહાર ન થયો હોય.

**2.1.8** જો ખાતું બીજી બેંકમાં પ્રાથમિક ખાતું ખસેડવાના કારણે ઇનઓપરેટિવ બન્યું હોય, તો ખાતાધારક પાસેથી નવી બેંક ખાતાની વિગતો અને બેલેન્સ ટ્રાન્સફર કરવાની મંજૂરી માંગવામાં આવી શકે છે.

ભાગ **C** – સ્કોલરશિપ / **DBT** ખાતાઓનો વ્યવહાર

**3.0**

સરકારી યોજનાઓ હેઠળ સ્કોલરશિપ અથવા **DBT** ક્રેડિટ માટે ખોલવામાં આવેલા ખાતાઓ

**3.1** બેંકોએ આવા ખાતાઓને **CBS** માં અલગ રીતે ઓળખવા જોઈએ, જેથી બે વર્ષથી વધુ સમય સુધી ન ચલાવવાના કારણે "ઇનઓપરેટિવ ખાતું" તરીકે વર્ગીકરણ લાગુ ન પડે. આવા ખાતાઓમાં વ્યવહાર મંજૂર કરતી વખતે ફ્રોડનો જોખમ ટાળવા યોગ્ય સાવચેતી રાખવી.

ભાગ **D** – ઇનઓપરેટિવ/ દાવો ન કરેલી જમાની અલગવણી અને ઓડિટ

**4.0**

**4.1** ફ્રોડના જોખમને ઘટાડવા ઇનઓપરેટિવ ખાતાઓની અલગવણી જરૂરી છે. ફરી સક્રિય કરાયેલા ઇનઓપરેટિવખાતાઓમાં ઓછામાં ઓછા છ મહિના સુધી ઉચ્ચ સ્તરે (શાખાના નિયંત્રક અધિકારીઓ દ્વારા) નિયમિત દેખરેખ રાખવી, ગ્રાહક અને સ્ટાફને જાણ કર્યા વગર.

**4.2** ઇનઓપરેટિવ ખાતાઓ / દાવો ન કરેલી જમા **(Unclaimed deposits)** માં રહેલી રકમ તથા ફરી સક્રિય કરાયેલ ખાતાઓ પર સમકાલીન **(Concurrent audit)** ઓડિટ લાગુ પડશે.

ભાગ **E** – ઇનઓપરેટિવ/ દાવો ન કરેલા ખાતા ધારકોને શોધવા

**5.0**

**5.1** બેંકો પત્ર, નોંધાયેલ ઇમેઇલ અથવા **SMS** દ્વારા ખાતાધારકોનો સંપર્ક કરશે.

**5.2** વિશેષ અભિયાન: ઇનઓપરેટિવ ખાતાઓ/દાવો ન કરેલી જમા માટે ગ્રાહકો, નોમિની અથવા કાનૂની વારસદારોને શોધવા માટે બેંકો સમયાંતરે વિશેષ અભિયાન હાથ ધરશે.

ભાગ **F** – ઇનઓપરેટિવ ખાતા / દાવો ન કરેલી જમા સક્રિયકરણ

**6.0**

**6.1** તમામ શાખાઓ (નોન-હોમ શાખાઓ સહિત) તથા **V-CIP** મારફતે **KYC** અપડેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવી.

**6.2** અદાલત, ટ્રિબ્યુનલ અથવા કાયદા અમલ એજન્સીના આદેશ હેઠળ ફ્રીઝ થયેલા ખાતાઓ પણ **KYC** માર્ગદર્શિકા અનુસાર જ સક્રિય કરવાના રહેશે.

**6.3 CBS** માં ખાતું સક્રિય કરવા માટે ફરજિયાત રીતે બીજા અધિકારીની મંજૂરી **(Maker-Checker)** જરૂરી રહેશે અને તમામ સિસ્ટમ લોગ્સ જાળવવા પડશે.

**6.4** બેંકો:
**6.4.1 SMS** અને નોંધાયેલ ઇમેઇલ દ્વારા ખાતું સક્રિય થયાની જાણ કરશે.
**6.4.2** અનધિકૃત પ્રવેશ અંગે ફરિયાદ માટે ઉપલબ્ધ ઉપાયો જણાવશે.
**6.4.3** ખાતાધારક/દાવેદાર સાચા છે તેની ખાતરી કરશે.
**6.4.4** સંપૂર્ણ અરજી મળ્યા પછી ત્રણ કાર્યદિવસમાં સક્રિયકરણ પ્રક્રિયા પૂર્ણ કરશે.

ભાગ **G** – વ્યાજ ચુકવણી / ચાર્જ વસૂલાત

**7.0** વ્યાજ ચુકવણી

બચત ખાતાઓ પરનું વ્યાજ ખાતું ચાલું હોય કે ન હોય, નિયમિત રીતે જમા કરવું.

**8.0** ચાર્જ વસૂલાત

**8.1** ઇનઓપરેટિવ ખાતાઓમાં ન્યૂનતમ બેલેન્સ ન જાળવવા બદલ કોઈ દંડ વસૂલવામાં નહીં આવે.
**8.2** ઇનઓપરેટિવ ખાતું સક્રિય કરવા માટે કોઈ ચાર્જ નહીં લેવાય.

ભાગ **H** – દાવો ન કરેલી જમાની માહિતી અને શોધ સુવિધા

**9.0**

**9.1** બેંકો પોતાની વેબસાઇટ પર દાવો ન કરેલી જમાની વિગતો (માત્ર નામ, સરનામું – પિનકોડ વગર, અને **UDRN)** માસિક આધારે અપડેટ કરશે.
**9.2** જાહેર જનતા નામ અને સરનામાની મદદથી શોધ કરી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવી.
**9.3** ખાતા નંબર, ખાતાનો પ્રકાર, બેલેન્સ અથવા શાખાનું નામ જાહેર નહીં કરવું.

ભાગ I – ઇનઓપરેટિવ ખાતાઓમાં ફ્રોડ જોખમ વ્યવસ્થાપન

**10.0**

**10.1** ઇનઓપરેટિવખાતામાં કોઈ પણ ડેબિટ વ્યવહાર મંજૂર નહીં થાય, સિવાય કે:

**a)** ખાતું ગ્રાહક દ્વારા સક્રિય કરવામાં આવ્યું હોય.

**b)** બેંકો નવી ખાતાઓ માટે લાગુ પડતા નિયંત્રણો મુજબ કૂલિંગ-ઓફ સમયગાળો લાગુ કરી શકે.

**c)** ગ્રાહક ડેટાની સુરક્ષા સુનિશ્ચિત કરવી.

ભાગ J – ગ્રાહક જાગૃતિ

**11.0**

**11.1** બેંકો પોતાની વેબસાઇટ અને શાખાઓમાં ઇનઓપરેટિવખાતા/દાવો ન કરેલી જમા સક્રિય કરવાની પ્રક્રિયા અંગે માહિતી પ્રદાન કરશે.

**11.2** જાહેર જાગૃતિ અને નાણાકીય સાક્ષરતા અભિયાન દ્વારા લોકોમાં ઇનઓપરેટિવખાતાઓ અંગે જાગૃતિ ફેલાવશે.

**Q1. Inoperative Account ક્યારે ગણાય છે?**

A) 1 વર્ષ સુધી કોઈ પણ વ્યવહાર ન હોય

B) 2 વર્ષ સુધી Bank induced transaction ન હોય

C) 2 વર્ષથી વધુ સમય સુધી Customer induced transaction ન હોય

D) 10 વર્ષ સુધી ખાતું ન ચલાવ્યું હોય

**Q2. નીચેના પૈકી કયું Bank Induced Transaction છે?**

A) ATM Cash Withdrawal
B) NEFT Transfer
C) Savings Account પર વ્યાજ જમા કરવું
D) UPI Payment

**Q3. Standing Instructions (SI) ને કઈ રીતે ગણવામાં આવે છે?**

A) Bank induced transaction
B) Non-financial transaction
C) Customer induced transaction
D) Unauthorised transaction

**Q4. Unclaimed Deposit શું છે?**

A) 2 વર્ષથી ઉપયોગ ન થયેલ ખાતું

B) 5 વર્ષથી ઉપયોગ ન થયેલ ખાતું

C) 10 વર્ષથી વધુ સમય સુધી બિનદાવા રહેલી જમા રકમ

D) Zero balance ખાતું

**Q5. Unclaimed Deposit Reference Number (UDRN) શું છે?**

A) ખાતા નંબર

B) શાખાનો કોડ

C) દરેક Unclaimed Deposit માટે અનન્ય નંબર

D) IFSC કોડ

**Q6. Inoperative Account માટે નીચેના પૈકી કયો વ્યવહાર માન્ય છે?**

A) Debit Card Transaction
B) RTGS Transfer
C) Balance Enquiry (2FA સાથે)

D) Cash Withdrawal

**Q7. Inoperative ખાતામાં Minimum Balance ન જાળવવા બદલ શું થશે?**

A) દંડ વસૂલવામાં આવશે

B) વ્યાજ નહીં મળે

C) કોઈ દંડ નહીં વસૂલાય

D) ખાતું બંધ થઈ જશે

**Q8. Inoperative ખાતું સક્રિય કરવા માટે શું ફરજિયાત છે?**

A) માત્ર અરજી

B) KYC અપડેશન

C) Nominee ઉમેરવો

D) Minimum Balance જમા કરવો

**Q9. Inoperative Account સક્રિય કરવા માટે બેંકે કેટલા દિવસમાં પ્રક્રિયા પૂર્ણ કરવી જોઈએ?**

A) 1 કાર્યદિવસ

B) 2 કાર્યદિવસ

C) 3 કાર્યદિવસ

D) 7 કાર્યદિવસ

**Q10. Scholarship / DBT ખાતાઓ અંગે કયો નિયમ સાચો છે?**

A) 2 વર્ષ પછી Inoperative ગણાય

B) Inoperative નિયમ લાગુ પડતો નથી

C) 10 વર્ષ પછી Unclaimed ગણાય

D) વ્યાજ મળતું નથી

**Q11. Unclaimed Deposits અંગે બેંક વેબસાઇટ પર શું દર્શાવવું ફરજિયાત છે?**

A) ખાતા નંબર અને બેલેન્સ

B) ખાતાધારકનું નામ, સરનામું (પિન વગર) અને UDRN

C) શાખાનું નામ

D) IFSC કોડ

**Q12. Inoperative Account માં Debit Transaction ક્યારે મંજૂર છે?**

A) હંમેશા

B) Bank induced transaction માટે

C) Customer induced activation બાદ

D) Nomineeની મંજૂરીથી

**☑ Answer Key (ઉત્તર કી)**

1. C
2. C
3. C
4. C
5. C
6. C
7. C
8. B
9. C
10. B
11. B
12. C